# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર


SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન • વર્ષ : ૫ • સળંગ અંક : ૩૩૦ • તા.૫ ઓક્ટોબર થી ૧૧ ઓક્ટોબર ૨૦૨૪


**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.


KDO SANJIVANI

# શ્રી સમસ્ત મહાજનની મેડિકલ સમિતિની સંજીવની યોજનામાં રાપરગઢવાળીના નાગડા પરિવારે પાંચ સંજીવની સુવર્ણ પેટર્ન નોંધાવ્યા



Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai
GJF
Life Member
SHUBH
DIAMONDS
RAJESH MOMAYA
9884149494
# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.
For Business Queries : 044-4314 1444
www.shubhdiamonds.com
Contact : 9884899494
E.Mail : pratik.mota@shubhdiamonds.com
-: શુભેચ્છા સહ :-
માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર
(ગામ - સાયરા)



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


-: સંપાદક ગણ :-

નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણિલાલ ખોના

પ્રવીણ હંસરાજ લોડાયા

કીર્તિકુમાર ધનજી ધરમશી

ચંદ્રેશ વિરચંદ છેડા

-: કાર્યાલય :-

પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું

Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan

3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

જ્ઞાતિમૈયા હવે નેટ પર....

http://www.kdosm.org

Email :

gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.




# પ્રેમ આપવો એ ઉપહાર જ્યારે પ્રેમ પામવો સન્માન છે

ધર્મનો પાયો અહિંસા, સત્ય, દયા, પ્રેમ, કરૂણા અને ભક્તિ છે. ધર્મ એ જીવન છે. આ સાર રૂપે સમજીએ તો જીવનમાં સુખી થવા શું જરૂરી છે એનો ખ્યાલ આવી જાય.

આપણું જીવન દુઃખી છે તેનું કારણ આપણે યેનકેન રીતે હિંસામાં લપેટાયેલા છીએ. ક્રોધ કરવો. કોઈના પર ચીડવું, સામેવાળાનું ભલું ન ઈચ્છવું. વેર ભાવ રાખવો, સામે વાળા પાસે જે છે એ છીનવી લેવાની ભાવના કરવી એ અવ્યક્ત હિંસા જ છે.

સાચું બોલવું અને સાંભળવું એ નિયમ પાળનારા મહામાનવ છે. સાચું બોલવા માટે કોઈ વાત ઘડવી-ગોઠવવી પડતી નથી. ખોટું ખોલવા માટે બનાવટ કરવી પડે છે. એકને અલગ કહ્યું બીજાને એ વાત કહેવા યાદ કરવું પડે છે જેથી વાત ભિન્ન ન થઈ જાય. તોય દસ જણને ખોટી વાત કહેતા ક્યાંને ક્યાં હકીકત દોષ કે ખોટું બ્યાન અપાઈ જાય છે. એ આખરે વાત ખૂલ્લી થઈ જાય ત્યારે ભોંઠું થવું પડે છે.

દયા, પ્રેમ અને કરૂણા એક બીજાની કડી જેમ છે. પ્રેમ એટલે હૃદયનો સંવેદના ભાવ. પોતાની થકી અન્ય જીવને દુઃખ ન થાય એવો સ્વભાવ. કશું ન મેળવીને સર્વસ્વ આપી દેવું એનું નામ છે પ્રેમ. પ્રેમ વગર જીવન નથી. ધન દોલત સંપત્તિ હોય પણ કોઈનો પ્રેમ ન મળે તો તેની કિંમત શું? પ્રેમ વિહીન જીવન અધુરૂં છે, અપૂરતું છે.

સંતો કહે છે કોઈને દુઃખ ન પહોંચાડો, જીવ માત્રને પ્રેમ કરો. અબોલ જીવને સહાનુભૂતિ મળે આપણી દયાથી. પશુ, પક્ષી, સુક્ષ્મ જંતુ પ્રત્યે દયા ધરાવી, કરૂણા રાખવી એ માનવમાત્રનો ધર્મ છે. દયા, કરૂણા, પ્રેમ એ સંવેદના જીવનના અખૂટ સ્રોત છે. કોઈને દુઃખ જોઈને દિલદ્રવી ઉઠે, આંખો ભીની થઈ છલકાઈ ઉઠે એ ભાવના કરૂણા છે. પીડીત જનને યથાશક્તિ મદદ રૂપ થઈ તેની પીડામાં સહભાગ લેવો આપણો જીવન ધર્મ છે. કોઈ વ્યક્તિનું દુઃખ જોઈ ઓગળી જવું એ માનવ ધર્મ છે. ગમે તેટલો બદચલન વ્યક્તિ, ખરાબ ચરિત્રનો ઈન્સાન પણ નિસ્વાર્થભાવે કોઈને મદદ કરે તો એ દેવદૂત સમાન છે. આમ દયા, કરૂણા અને પ્રેમ ઈન્સાનને ઈશ્વર જેટલો દરજ્જો આપી શકે એવા સમર્થ છે કઠણ હૃદય દિલ દ્રવીને દયા, કરૂણા અને પ્રેમની સરવાણી વહડાવે એ સામેવાળા માટે ઈશ્વરતુલ્ય થઈ જાય છે.

ભક્તિ એ માત્ર મંદિર કે પૂજા સ્થળોમાં થતી ક્રિયા નથી. સુક્ષ્મ અર્થઘટન કરીએ તો ભક્તિ એ ઉત્તમ જીવન જીવવાની કલા છે. ભગવાનની મૂર્તિ સમક્ષ કરેલી પૂજા-અર્ચના એ જો ભક્તિ કહેવાતી હોય તો ખોટી વાત છે. ભક્તિ એટલે ઉત્તમ અને સંસ્કારી ધર્મનું પાલન કરી જીવન ગુજારવું. વેપાર, ધંધામાં ઈમાનદારી, સંનિષ્ઠ વ્યવહાર અને ગ્રાહકને ભગવાન માની તેની સાથે સદ્ આચરણ કરવું ભક્તિ છે. સારું બોલવું, સારું સાંભળવું, સ્નેહપૂર્વક વ્યવહાર કરવો, સૌનું ભલું ઈચ્છવું સર્વને પ્રેમ આપવો એ આપણા તરફથી તેમને અપ્રતિમ ભેટ છે, ઉપહાર છે. જે ક્યારે વ્યર્થ નથી જવાનું કારણ કે પ્રેમ એ પ્રભુનો પુરસ્કાર છે. તો સહઆચરણથી સામે વાળાનો પ્રેમ પામવો આપણા માટે મોટું સન્માન છે. આમ પ્રેમ આપીને પ્રેમ પામીને જીવન સાર્થક થાય એવું જીવન જીવીએ તો જીવયું સાર્થક થાય.

- જય જ્ઞાતિમૈયા

# ભેગું કરવા કરતાં ભોગવી લેવું સારૂં

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)

આજકાલ સૌ ભૌતિક ચીજવસ્તુઓ ભોગવા પાછળ ઘેલાં થયા છે. વ્યક્તિ વધુને વધુ મેળવવાના ચક્કરમાં પોતાના આરોગ્યની પરવા રાખતો નથી. ઘરના સભ્યો પરસ્પર મિલકત માટે એકમેક સામે બાંયો ચડાવે છે. સતત લડતા હોય છે. કોર્ટમાં પણ કેસ માંડે છે. સંતાનો શરમ લાજ મૂકીને માતા પિતાનો તિરસ્કાર કરે છે. અવગણના કરી અપમાનિત કરે છે. વાતે વાતે માવતરની માનહાનિ કરે છે. આમાં કોઈને કોઈ રીતે પૈસાની લાલસા રહેલ હોય છે. માણસ સંપત્તિ મેળવે છે પણ સંબંધ ગુમાવે છે. ચોરી, લૂંટ-ફાટના કિસ્સા, દગાખોરી, તડફંચી, અપહરણના કિસ્સા દિન પ્રતિદિન વધતા જાય છે. લોકો પૈસા માટે કોઈપણ હદ સુધી જાય છે. ભવિષ્યનું આયોજન તેને માટે તજવીજ કરવી જરૂરી છે પણ એટલી હદે નહી કે ખરાબ કૃત્યો કરીએ. પૈસા સુખ, મેળવા માટે દોટ મૂકવી સારી નહીં. જે ભેગું કરીએ તે ભોગવી ન શકીએ, ન માણી શકીએ.

માનસિક સ્વસ્થતા સાથે શારીરિક ફિટનેસ જરૂરી છે. યોગ, પ્રાણાયમ, વોકીંગ, જોગીંગ ઈત્યાદિ શરીરની સ્વસ્થતા માટે કામની છે. તે પ્રમાણે મનની મજબૂતી, મેઘા શક્તિની સ્વસ્થતા પણ જરૂરી છે. નાનપણથી સ્વાસ્થ્ય સારું, રહે તે માટેના પ્રયાસો દવાઓ રસીઓ વિવિધ ઉંમરે સમયપત્રક મુજબ આપવી પડે છે. જેથી ભવિષ્યમાં બીમારી ન થાય. મોટા થયા પછી હેલ્થ પ્રત્યે અવેરનેસ વધી જાય છે. ડાયટ માટે જાગૃતિ ધરાવી એ છીએ પણ માનસિક સ્વસ્થતા માટેના પ્રયત્નો કરવા તરફ બેદરકાર રહીએ છીએ.

હેપીનેસ એટલે ખુશખુશાલી. પણ મજામાં એમને એમ નથી રહેવાતું. મજામાં રહેવા માટે શું જરૂરી છે એ પ્રયત્નો થવા જરૂરી છે. શું કરવાથી રિલેક્સ ફીલ થાય એ શોધવું પડે છે. શું કરવાથી ખુશી મળે છે? એની શોધ જરૂરી છે અને એ મળી જાય તો જાળવી જરૂરી છે. જે કરવાથી ખુશી મળશે એટલે ખુશ હશું તો જીવવાની મજા આવશે. નવી ઉર્મિનો સંચાર થશે જે નેગેટિવ થોટસને આવતા અટકાવશે.

ઈશ્વરને જીવન આપ્યું છે તે સાથો સાથ મૃત્યુ પણ થવાનું સનાતન સત્ય નિર્ધારીત કરી આપ્યું છે. અહીંથી જતી વખતે ખાલી થઈને જવાનું છે. જે જમા કર્યું છે, રળ્યું છે તે છોડીને જવાનું છે. ઉપર લઈ જવાનું નથી એટલે વધુ મેળવવાની અપેક્ષામાં, વધુ પડતું સુખ પામવાના ચક્કરમાં માણવાનું જ રહી જાય છે. એટલે જ મૃત્યુ આપણા માટે શીખ છે. કે હે માનવ, ચેતીજા થોભીજા બધું ભેગું કરવાની લાયમાં જેટલુ મેળવ્યું છે તે ને સૌ પહેલાં માણી લે. દિલ ખોલીને ભોગવી લે જેથી પછી અફસોસ ન થાય.


**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 93222 57731**

**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

**B-3, Krishna Kunj, Valji Laddha Road, Mulund (West) Mumbai - 400 080.**

# શ્રી સમસ્ત મહાજનની મેડિકલ સમિતિની સંજીવની યોજનામાં રાપરગઢવાળીના નાગડા પરિવારે પાંચ સંજીવની સુવર્ણ પેટર્ન નોંધાવ્યા

## શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન

મેડિકલ સમિતિ - કેડીઓ સંજીવની

KDO

KDO SANJIVANI

પૂજ્ય વડીલો તથા સ્નેહીજનો ની પુણ્ય સ્મૃતિમાં
સુપાત્રદાન કર્તવ્યને સાર્થક કરી રહેલ

**શ્રીમતી રીમા તથા શ્રી રમેશભાઈ ચાંપશીભાઈ નાગડા**

કચ્છ - રાપર, હાલ - મસ્જીદ બંદર

પૂ. દાદીમા



માતુશ્રી વાલબાઈ ભારમલ નાગડા

પૂ. દાદાજી

શ્રી ભારમલ ભોજરાજ નાગડા

પૂ. ફોઈબા



શ્રીમતી રતનબાઈ લક્ષ્મીચંદ માલશી મોમાયા - ગામ, જખૌ

**સંજીવની સુવર્ણ પેટ્રન** **Rs. 50,000**

શ્રી સમસ્ત કચ્છી દશા ઓસવાલ જૈન મહાજનની મેડિકલ સમિતિની અમૂલ્ય યોજના આકસ્મિક આપદા-બીમારીગ્રસ્ત થતાં જ્ઞાતિજનોને બહુમૂલ્ય આધાર સહારો આપી સ્વસ્થ બનાવવા સહાયક બનતી કેડીઓ સંજીવની યોજના છેલ્લા છ વર્ષમાં ૧૫૫ જેટલા કેસો ઉદારદિલ દાતાઓના અમૂલ્ય અને અનન્ય સહયોગથી સુખરૂપ રીતે પૂર્ણ કર્યા છે. માનવ સેવા એ પ્રભુ સેવા છે એવો મંત્ર ધરાવી સમયાંતરે જ્ઞાતિ દાતાઓ સંજીવની યોજનામાં વિવિધ પેટ્રન યોજનામાં સહભાગી થઈ પરિવારના પ્રસંગોને યાદગીરી બનાવે છે. વડીલોની સ્મૃતિમાં અનુદાન નોંધાવી પુણ્ય અર્જિત કરે છે.

# શ્રી સમસ્ત મહાજનની મેડિકલ સમિતિની સંજીવની યોજનામાં રાપરગઢવાળીના નાગડા પરિવારે પાંચ સંજીવની સુવર્ણ પેટર્ન નોંધાવ્યા

## શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન

મેડિકલ સમિતિ - કેડીઓ સંજીવની

KDO

KDO SANJIVANI

પૂજ્ય વડીલો તથા સ્નેહીજનો ની પુણ્ય સ્મૃતિમાં

સુપાત્રદાન કર્તવ્યને સાર્થક કરી રહેલ

**શ્રીમતી રીમા તથા શ્રી રમેશભાઈ ચાંપશીભાઈ નાગડા**


કચ્છ - રાપર, હાલ - મસ્જીદ બંદર

પૂ. પિતાજી



શ્રી લક્ષ્મીચંદ ભારમલ નાગડા

પૂ. પિતાજી



શ્રી ચાંપશી ભારમલ નાગડા

પૂ. બાપુજી



શ્રી સોજપાર શિવરાજ ધૂલ્લા

**સંજીવની સુવર્ણ પેટ્રન Rs. 50,000**

સનાતન હિંદુ સંસ્કૃતિના પિતૃપક્ષ અવસરે કચ્છ રાપરગઢવાળી-મસ્જિદબંદરના શ્રીમતી રીમાબેન તથા શ્રી રમેશભાઈ ચાંપશી નાગડાએ પૂ.દાદી વાલબાઈ મા, દાદાજી પૂજ્ય ભારમલ ભોજરાજ નાગડા તથા પૂજ્ય ફઈબા શ્રીમતી રતનબાઈ લક્ષ્મીચંદ માલશી મોમાયા જખૌની સ્મૃતિમાં રૂા.૫૦ હજારનું અનુદાન નોંધાવી સંજીવની સુવર્ણ પેટ્રન તરીકે નોંધ કરાવી છે.

# શ્રી સમસ્ત મહાજનની મેડિકલ સમિતિની સંજીવની યોજનામાં રાપરગઢવાળીના નાગડા પરિવારે પાંચ સંજીવની સુવર્ણ પેટ્રર્ન નોંધાવ્યા

## શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન

મેડિકલ સમિતિ - કેડીઓ સંજીવની

KDO SANJIVANI

પૂજ્ય વડીલો તથા સ્નેહીજનો ની પુણ્ય સ્મૃતિમાં
સુપાત્રદાન કર્તવ્યને સાર્થક કરી રહેલ

## શ્રીમતી રીમા તથા શ્રી રમેશભાઈ ચાંપશીભાઈ નાગડા

કચ્છ - રાપર, હાલ - મસ્જીદ બંદર

માતુશ્રી



પૂ.માતુશ્રી મીઠીબાઈ લક્ષ્મીચંદ નાગડા

માતુશ્રી



પૂ. માતુશ્રી હીરબાઈ ચાંપશી નાગડા

**સંજીવની સુવર્ણ પેટ્રન Rs. 50,000**

ઉપરોક્ત દંપતી દ્વારા પૂ.મોટાબાપા શ્રી લક્ષ્મીચંદ ભારમલ નાગડા, પૂ.પિતાજી શ્રી ચાંપશી ભારમલ નાગડા અને પૂ.બાપુજી શ્રી સોજપાર શિવરાજ ધુલ્લાની પુણ્ય સ્મૃતિ નિમિત્તે સંજીવની સુવર્ણ પેટ્રન થઈ રૂા.૫૦ હજારનું ઉદાર અનુદાન આપ્યું છે.

તે ઉપરાંત પૂમોટા મા માતુશ્રી મીઠીબાઈ લક્ષ્મીચંદ નાગડા, પૂ.માતુશ્રી હીરબાઈ ચાંપશી નાગડાની ચીરકાળ સ્મૃતિ કાજે રૂા.૫૦ હજારનું દાન સહયોગ પ્રદાન કરી સુર્વણ પેટ્રન થયાં છે.

# શ્રી સમસ્ત મહાજનની મેડિકલ સમિતિની સંજીવની યોજનામાં રાપરગઢવાળીના નાગડા પરિવારે પાંચ સંજીવની સુવર્ણ પેટર્ન નોંધાવ્યા

## શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન

મેડિકલ સમિતિ - કેડીઓ સંજીવની

KDO


KDO SANJIVANI

પૂજ્ય વડીલો તથા સ્નેહીજનો ની પુણ્ય સ્મૃતિમાં
સુપાત્રદાન કર્તવ્યને સાર્થક કરી રહેલ

### શ્રીમતી રીમા તથા શ્રી રમેશભાઈ ચાંપશીભાઈ નાગડા


કચ્છ - રાપર, હાલ - મસ્જીદ બંદર

પૂ.ભાઈશ્રી



દિલીપ લક્ષ્મીચંદ ભારમલ નાગડા

ભાણેજો



મનીષ મણીકાંત લોડાયા

ભાણેજી



ઉષ્મા ખુશાલ મોમાયા

**સંજીવની સુવર્ણ પેટ્રન** **Rs. 50,000**

તે સાથો સાથ પૂ.ભાઈશ્રી દિલીપ લક્ષ્મીચંદ ભારમલ નાગડા, ભાણેજ મનીષ મણિકાંત લોડાયા અને ભાણેજી ઉષ્મા ખુશાલ મોમાયાની અમર સ્મૃતિ કાજે રૂ.૫૦ હજારનું અનુદાન આપી સંજીવની સુવર્ણ પેટ્રન તરીકે જોડાયા છે.

વડીલ પૂ.બનેવી શ્રી મણિકાંત ચત્રભોજ લોડાયા વારાપધ્ધર, પૂ.બનેવી શ્રી તિલક હંસરાજ મોમાયા વરાડીયા તથા પૂ.બનેવી ખુશાલ ધનજી મોમાયા વરાડીયાની પુણ્ય સ્મૃતિમાં રૂ.૫૦ હજારનું ઉદાર સહકાર્ય નોંધાવી સંજીવની સુર્વણ પેટ્રન બન્યા છે.

# શ્રી સમસ્ત મહાજનની મેડિકલ સમિતિની સંજીવની યોજનામાં રાપરગઢવાળીના નાગડા પરિવારે પાંચ સંજીવની સુવર્ણ પેટર્ન નોંધાવ્યા

## શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન


મેડિકલ સમિતિ - કેડીઓ સંજીવની

પૂજ્ય વડીલો તથા સ્નેહીજનો ની પુણ્ય સ્મૃતિમાં
સુપાત્રદાન કર્તવ્યને સાર્થક કરી રહેલ

**શ્રીમતી રીમા તથા શ્રી રમેશભાઈ ચાંપશીભાઈ નાગડા**

કચ્છ - રાપર, હાલ - મસ્જીદ બંદર

પૂ. બનેવી



શ્રી મણિકાંત ચત્રભોજ લોડાયા
વારાપધર

પૂ. બનેવી



શ્રી તિલક હંસરાજ મોમાયા
વરાડીયા

પૂ. બનેવી



શ્રી ખુશાલ ધનજી મોમાયા
વરાડીયા

**સંજીવની સુવર્ણ પેટ્રન Rs. 50,000**

નાગડા પરિવારના સમજુ અને માનવ સેવા લક્ષી સંસ્કાર ધરાવતા દંપતીએ સંજીવની સુવર્ણ પેટ્રન યોજના થકી પરિવારના પૂજ્ય વડીલો અને વ્હાલા સ્વજનોની સ્મૃતિ શાશ્વત અને અનંત સમય માટે સાચવી છે જે માટે નાગડા પરિવારની અઢળક અનુમોદના અનુમોદના. તેમના વિચાર અને સંસ્કાર અનુકરણીય છે.

# શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, અમદાવાદની સામાન્ય સાધારણ સભા, નવી કારોબારી સમિતિની રચના અને તપસ્વીઓનું બહુમાન કાર્યક્રમ યોજાયો



શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, અમદાવાદ સામાન્ય સાધારણ સભા, નવી કારોબારી સમિતિની રચના તેમજ તપસ્વીઓનું બહુમાન સહ સ્વામીવાત્સલ્યનો કાર્યક્રમ તા. ૨૨-૦૯-૨૦૨૪, રવિવારનો યોજાયો હતો.

શ્રી પર્યુષણ મહાપર્વમાં આરાધના કરેલ કેડીઓ જ્ઞાતિના તપસ્વીઓનું બહુમાન કરવામાં આવેલ.

ત્યારબાદ સામાન્ય સાધારણ સભા નું પ્રમુખ સ્થાન શ્રી જીતેન્દ્રભાઈ ખોના એ સાંભળેલ.

મહાજનશ્રીના માનદ મંત્રી રાજેશ ધરમશી દ્વારા ગત સભાની મિનિટ્સનું વાંચન કરવામાં આવેલ ત્યાર બાદ વાર્ષિક અહેવાલ રજૂ કરવામાં આવેલ.

મહાજનશ્રી ના ખજાનચી દેવેશ દંડ દ્વારા ઓડિટર દ્વારા ઓડિટ કરેલ વાર્ષિક હિસાબ સર્વે જ્ઞાતિજનો સમક્ષ રજૂ કરવામાં આવેલ.

ચૂંટણી અધિકારી શ્રી ચંદ્રકાંત ભાઈ પોલડીયા અને ચૂંટણી પંચના અધિકારો શ્રી જીજ્ઞેશભાઈ મૈશેરી તેમજ શ્રી નવીનભાઈ લાલકા દ્વારા કારોબારી સમિતિ માટે આવેલ અરજી ની જાહેરાત કરવામાં આવેલ અને ૧૫ સભ્યોની કારોબારી સમિતિ ની ઘોષણા કરવામાં આવેલ.

સર્વે કારોબારી સમિતિ તથા ટ્રસ્ટ મંડળ દ્વારા સંયુક્ત રીતે કારોબારી સમિતિની રચના કરવામાં આવેલ.

**કારોબારી સમિતિ :** પ્રમુખ શ્રી જીતેન્દ્રભાઈ દેવજી ખોના, માનદ મંત્રી શ્રી રાજેશ ખીમચંદ ધરમશી, ઉપ પ્રમુખ શ્રીમતી માલા બેન પ્રફુલભાઈ ધરમશી, ઉપ પ્રમુખ શ્રી તિલકભાઈ ઉમરશી ભારાણી, ખજાનચી શ્રી દેવેશ દિલીપ દંડ, સહ મંત્રી શ્રી કેતન નરેન્દ્રભાઈ લોડાયા, સહ મંત્રી શ્રી સંજય શાંતિલાલ છેડા, શ્રી સંદિપ નવીનચંદ્ર મોતા

**સહ ખજાનચી :** શ્રી બ્રિજેશ લક્ષ્મીચંદ ધુલ્લા, શ્રી જવેરભાઈ મૂલજી લાલકા, શ્રી ગીરીશભાઈ લક્ષ્મીચંદ દંડ, શ્રી પ્રશાંત મહેન્દ્રભાઈ ખોના, શ્રી હેમેન્દ્ર કાનજી ધરમશી, શ્રી ઉમેશ નારણજી મૈશેરી, શ્રી જયેશ કિશોરભાઈ લાલકા, શ્રી દેવેન દિલીપભાઈ દંડ, શ્રી સચિન તિલક્ચંદ લોડાયા

શપથ ગ્રહણ સમારોહ અંતર્ગત શ્રી કેડીઓ મહાજન, અમદાવાદમાં સૌ પ્રથમ વખત સર્વે કારોબારી સભ્યો એ જ્ઞાતિ અને જ્ઞાતિજનોના ઉત્કર્ષ અને જ્ઞાતિના ઉત્થાન માટે શપથ ગ્રહણ કરેલ.

ત્યાર બાદ મહાજનશ્રી ના માનદ મંત્રી શ્રી રાજેશ ધરમશી દ્વારા જ્ઞાતિ ના વિકાસ અને સાધર્મિક કાર્યો ને વેગ મળે એ અનુસંધાન ને ધ્યાન માં રાખી ફંડ ઉભું કરવા એક વર્ષ માટે ડાયમંડ દાતા, ગોલ્ડન દાતા તેમજ સિલ્વર દાતાની સ્કીમ જ્ઞાતિજનો સમક્ષ રજૂ કરી હતી.

જ્ઞાતિજનો તરફ થી ૧૩ ડાયમંડ દાતા, ૧૩ ગોલ્ડન દાતા તેમજ ૯ સિલ્વર દાતાના નામની જાહેરાત કરવામાં આવેલ.

**ડાયમંડ દાતાશ્રી :** સંઘમાતા વિજ્યાબેન વિરેન્દ્રભાઈ લોડાયા, શ્રીમતી શશીકલાબેન જીતેન્દ્રભાઈ ખોના, શ્રીમતી લીલાવતીબેન ઉમરશી ભારાણી, શ્રી જીગ્નેશભાઈ વિરેન્દ્રભાઇ મૈશેરી, શ્રીમતી ગુણવંતીબેન ગુલાબભાઈ દંડ, માતુશ્રી રાજુલાબેન નલીનભાઇ મોમાયા, માતુશ્રી વિજયાબેન મહેન્દ્રભાઈ ખોના, માતુશ્રી ઉષાબેન નારણજી મૈશેરી, શ્રીમતી માલાબેન પ્રફુલભાઈ ધરમશી, માતુશ્રી દેવકુવરબેન માણેકજી દંડ, માતુશ્રી લક્ષ્મીબેન મુલજી લાલકા, માતુશ્રી પુરબઈ કાનજી ધરમશી, ચૌલાબેન ઉમરશી કુરુવા.

## શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, અમદાવાદની સામાન્ય સાધારણ સભા, નવી કારોબારી સમિતિની રચના અને તપસ્વીઓનું બહુમાન કાર્યક્રમ યોજાયો




**ગોલ્ડન દાતાશ્રી**

શ્રીમતી વર્ષાબેન લલિતભાઈ છેડા, માતુશ્રી દિવ્યાબેન વાલજીભાઈ છેડા, માતુશ્રી સોનબાઇ ભાણજી મૈશેરી, શ્રી ભરતભાઈ કલ્યાણજી પીર, શ્રી કીર્તિભાઇ ભારમલ નાગડા, માતુશ્રી દમયંતીબેન દિલીપ દંડ, શ્રી કાંતિલાલ લખમશી નાગડા, માતુશ્રી માકલબાઈ નરશી લોડાયા, કુલીનભાઈ લાલજી મૈશેરી, માતુશ્રી કલ્પનાબેન નીતિનભાઈ પાલાની, શ્રી નવિનભાઇ વિસનજી દંડ, માતુશ્રી દમયંતીબેન ખિમચંદ ધરમશી, માતુશ્રી રમીલાબેન શાંતિલાલ છેડા

**સિલ્વર દાતાશ્રી**

માતુશ્રી દીનાબેન યશોધન મહેશ્વરી, શ્રી વિપુલભાઇ ગુલાબચંદ ડાઘા, શ્રી નવિનભાઇ કેશવજી મોતા, માતુશ્રી મધુબેન તિલકચંદ લોડાયા, માતુશ્રી તિલકબેન શામજી લોડાયા, શ્રીમતી સુશીલાબેન નિરંજનભાઈ મૈશેરી, માતુશ્રી ચંદનબેન જેઠાભાઈ લાલકા, માતુશ્રી બાયાબેન માણેકજી મૈશેરી, શ્રીમતી સરલાબેન ચંદ્રકાંત પોલડિયા, નિરાલી આનંદ નાગડા

ત્યારબાદ સાધર્મિક ભક્તિનો લાભ લઇ કાર્યક્રમની પુર્ણાહુતી કરવામાં આવેલ.

## શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, અમદાવાદની શ્રી અંતરીક્ષજી પાર્શ્વનાથ તેમજ ખાનદેશની ચૈત્યપરિપાટી સહ પંચતીર્થી જાત્રા









૭૦ જાત્રાળુ સાથે ચૈત્યપરિપાટી તા. ૨૭.૦૯.૨૪ શુક્રવારે રાત્રે અમદાવાદ થી ટ્રેન મારફત જાત્રાનો શુભારંભ થયેલ.

અમદાવાદ રેલવે સ્ટેશન ઉપર સર્વે જાત્રાળુઓ નું માતુશ્રી વિજયાબેન વિરેન્દ્રભાઈ લોડાયા પરિવાર તરફથી સંઘ પૂજન કરી ધર્મની ધ્વજા ફરકાવી શ્રી સંઘે પ્રયાણ કરેલ.

# શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, અમદાવાદની શ્રી અંતરીક્ષજી પાર્શ્વનાથ તેમજ ખાનદેશની ચૈત્યપરિપાટી સહ પંચતીર્થી જાત્રા









સવારે ૭ કલાકે ભુસાવલ સ્ટેશન ઉપર પોલડીયા પરિવાર દ્વારા નવકારશીની સુંદર વ્યવસ્થા કરવામાં આવેલ.

સવારે ૧૧.૩૦ વાગે ૧૧ ગાડીઓ દ્વારા શ્રી અંતરીક્ષજી પહોંચેલ ત્યારબાદ સર્વે જાત્રાળુ ઓ દ્વારા પરમાત્માની સેવાપૂજા કરી બપોરે ૪ વાગે ખામગામ તરફ પ્રયાણ કરેલ.



ખામગામ માં દેવ દર્શન અને પ.પૂ. સાધ્વીજી શ્રી વિજયપૂરણા શ્રીજી મ.સા. આદીઠાણા ને વંદન કરી શ્રી સંઘનું શ્રી કેડીઓ મહાજન, ખામગામ ના પ્રમુખશ્રી હિરેનભાઈ તથા અન્ય જ્ઞાતિજનો દ્વારા ઉષ્માભેર સ્વાગત કરવામાં આવેલ તેમજ દશા ઓશવાલની પ્રણાલી મુજબ ચૈતય પરિપાટી ના સંઘપતિ તેમજ મહાજનશ્રી ના પ્રમુખશ્રીની અનુમોદના સહ બહુમાન કરવામાં આવેલ.

ચૌવિહાર બાદ ખામગામથી મલકાપુર તરફ પ્રયાણ કરવામાં આવેલ.

મલકાપુર દેવ દર્શન બાદ ઢોલ નગારા અને સંગીત સાથે શેઠશ્રી ભરતભાઇ દંડ તેમજ અન્ય જ્ઞાતિજનો દ્વારા ભવ્ય સ્વાગત કરવામાં આવેલ અને મહાજનશ્રી ના પ્રમુખ અને સંઘપતિનું બહુમાન અને અનુમોદના કરવામાં આવેલ.

મલકાપુર થી શ્રી સંઘ રાત્રી રોકાણ અર્થે જલગાવ પહોંચેલ. જલગાવ મહાજન ના યુવાનો રાત્રે ૧૨ વાગે વ્યવસ્થા માટે હાજર રહેલ.

સવારે દેવ દર્શન અને નવકારશી વાપરી શ્રી જલગાવ જૈન સંઘ ના અધ્યક્ષ શ્રી લલિતભાઈ તેમજ જલગાવ મહાજનશ્રી ના

# શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, અમદાવાદની શ્રી અંતરીક્ષજી પાર્શ્વનાથ તેમજ ખાનદેશની ચૈત્યપરિપાટી સહ પંચતીર્થી જાત્રા








સભ્યો દ્વારા શ્રી સંઘના પ્રમુખ શ્રી તેમજ સંઘપતિ નું બહુમાન અને અનુમોદના કરવામાં આવેલ.

જલગાવ થી શ્રી સંઘે ચાલીસગામ તરફ પ્રયાણ કરેલ.

ચાલીસગામમાં ઉષ્માભર્યા વાતાવરણ માં સ્વાગત કરવામાં આવેલ દેવ દર્શન અને પરમાત્માની આરતીનો લાભ લઇ શ્રી સંઘે સાધર્મિકભક્તિનો લાભ લીધેલ..

ખાનદેશ રત્ના પ.પૂ. સાધ્વીજીશ્રી જયદર્શીતાશ્રીજી મ.સા.આદિ ઠાણાને ગુરુવંદન કર્યા બાદ પૂજ્ય ગુરૂદેવના સ્વમુખે ધર્મવાણી સાંભળી શ્રી સંઘે ધન્યતા અનુભવી હતી.

શ્રી ચાલીસગામ માં પૂજ્ય ગુરુદેવ નો આશીર્વાદ અને પ્રેરણા સાથે શ્રી કેડીઓ જૈન જ્ઞાતિ મહાજન, અમદાવાદ સંચાલિત શેઠ રાયચંદ ધરમશી ભવનના પ્રાંગણમાં કેડીઓ જ્ઞાતિના અમદાવાદ ખાતેના પ્રથમ દેરાસરજીના નિર્માણનો લાભ માતુશ્રી મધુરીબેન ભવાનજી લોડાયા પરીવાર, કોઠારા, ચાલીસગામ વાળા એ લીધેલ.

હાજર સર્વે ભાવિક ભક્તો એ અનુમોદના સાથે આ શુભ ઘડીને વધાવેલ.

શ્રી ચાલીસગામ મધ્યે અમદાવાદ મહાજનશ્રીના પ્રમુખશ્રી તેમજ મહિલા મંડળના પ્રમુખશ્રીની અનુમોદના અને બહુમાન કરવામાં આવેલ.

ચાલીસગામથી પારોલા તરફ પ્રયાણ કરવામાં આવેલ. ચૌવિહાર બાદ દેવ દર્શન તેમજ પરમાત્માની આરતી નો લાભ મળેલ.

શ્રી પારોલ મહાજન દ્વારા સંઘપતિ તેમજ પ્રમુખશ્રી ની અનુમોદના તેમજ બહુમાન કરવામાં આવેલ.

પારોલાથી જલગાવ સ્ટેશન તરફ શ્રી સંઘે પ્રયાણ કરેલ અને સોમવારે સવારે શ્રી સંઘ અમદાવાદ સ્ટેશને આવેલ.

# શ્રી કેડીઓ મહિલા મંડળ, અમદાવાદ તેમજ શ્રી કેડીઓ નવયુગ યુથ ફોરમ, અમદાવાદ આયોજિત અચલગચ્છ અધિષ્ઠાયિકા શ્રી મહાકાળી માતાજીની મહાભાવના સહ રાસ ગરબા










શનિવાર, તા. ૫ ઓક્ટોબર સાંજે ૬ કલાકે શ્રી ક.દ.ઓ.મહિલા મંડળ અમદાવાદ અને શ્રી ક.દ.ઓ.નવયુગ યુથ ફોરમ અમદાવાદ દ્વારા ચૌવિહાર અને સાધર્મિક ભક્તિ બાદ છપ્પન ભોગ ધરાવી શ્રી મહાકાળી માતાજીની સંગીતમય ભાવના ભણાવવામાં આવેલ.

લાભાર્થી પરિવાર શ્રીમતી શશીકલાબેન જીતેન્દ્રભાઈ ખોના, માતુશ્રી ઉષાબેન નારણજીભાઈ મૈશેરી તથા શ્રી કેડીઓ મહિલા મંડળ દ્વારા શ્રી મહાકાળી, શ્રી ચક્રેશ્વરી તેમજ શ્રી અંબે માતાજીની છબી ને વાજતે ગાજતે સિંહાસન ઉપર બિરાજમાન કરવામાં આવેલ.

માતાજીને તિલક, હાર અને ચુંદડી પહેરાવવાનો તથા છપ્પન ભોગ નો લાભ સંયુક્ત રીતે નીચે જણાવેલ પરિવારોએ લીધેલ.

કુ.જિયારા મીરાજ ભારાણી, માતુશ્રી કાશ્મીરાબેન રાજેન્દ્ર સોની, શ્રીમતી ગુણવંતીબેન ગુલાબ ભાઈ દંડ, માતૃશ્રી રાજુલાબેન નલીનભાઇ મોમાયા, સી. નરશી રોડલાઈન્સ પરિવાર, માતુશ્રી વિજયાબેન મહેન્દ્રભાઈ ખોના, માતુશ્રી પુરબાઈ લક્ષ્મીચંદ દંડ, શ્રીમતી મનીષાબેન પંકજભાઈ નાગડા, માતુશ્રી લક્ષ્મીબેન મુલજી લાલકા, શ્રીમતી માલાબેન પ્રફુલભાઈ ધરમશી, માતુશ્રી પ્રેમિલાબેન ઉમરશી ભાઈ કુરવા.

# શ્રી કેડીઓ મહિલા મંડળ, અમદાવાદ તેમજ શ્રી કેડીઓ નવયુગ યુથ ફોરમ, અમદાવાદ આયોજિત અચલગચ્છ અધિષ્ઠાયિકા શ્રી મહાકાળી માતાજીની મહાભાવના સહ રાસ ગરબા















શ્રી મહાકાળી માતાજીની ભાવના બાદ કચ્છી રમત મટુકડી, બાર દાંડિયા અને ધમાલની મજા માણી યુવા યુવતીઓ ગરબે ઝૂમયા હતા.

શ્રી મહાકાળી માતાજી ની સુંદર રંગોળી દીપેશ જયચંદ શિયાલ દ્વારા તૈયાર કરવામા આવેલ.

કેડીઓ જૈન જ્ઞાતિ મહાજન, અમદાવાદની બહેનો દ્વારા તૈયાર કરવામાં આવેલ પ્રોડક્ટ્સનું એક્ઝિબિઝન પણ રાખવામાં આવેલ.

# શ્રી કચ્છી દશા ઓશવાળ જૈન જ્ઞાતિ મહાજનશ્રી ભુજ દ્વારા બે દિવસીય ચૈત્યપરિપાટી બસ દ્વારા યોજાઈ


કલાકારો સાથે તબલાવાદક કનિષ્ક શાહ



કોઠારા ગામે મહાકાળી માતાજીની ભાવના


કોઠારા ગામે ગહુલી


કોઠારા ગામે મહાજનશ્રી દ્વારા બહુમાન


કોઠારા જિનાલયમાં સ્નાત્રપુજા



કોઠારા ગામે સમુહ તસ્વીર


કોઠારા તીર્થે થાળ

શ્રી કચ્છી દશા ઓશવાળ જૈન જ્ઞાતિ મહાજનશ્રી ભુજ દ્વારા ચૈત્યપરિપાટી યોજાઇ હતી. ઢોલ-શરણાઇનાં નાદો તથા ધાર્મિક સુત્રો સાથે જિનાલયોનાં દર્શન, પૂજ્ય ગુરુભગવંતોને વંદન સાથે વિવિધ કાર્યક્રમો યોજાયા હતા. ગામો-ગામ શ્રી સંઘનું વાજતે-ગાજતે સામૈયું કરવામાં આવેલ. જિનાલયોમાં ચૈત્યવંદન યોજાયા હતા.

ભુજ-વર્ધમાનનગરથી તલવાણા, રાયણ, માંડવી, શિવમસ્તુ સાધના કેન્દ્ર, બાડા, વરાડીયા, સુથરી, કોઠારા, રાપરગઢવારી, સાંધવ,મંજલ રેલડીયા મળી બે દિવસની ચૈત્યપરિપાટીમાં ૧૧ જિનાલયોનાં દર્શન સાથે શ્રમણ-શ્રમણીવૃંદને વંદન કરવામાં આવેલ.

તલવાણા મધ્યે પૂ. ગણિવર્યશ્રી રાજરત્નસાગરજી મ.સા.,પૂ. મુનિરાજશ્રી ભાગ્યોદયસાગરજી મ.સા. તથા મુનિભગવંતોને વંદન કરવામાં આવેલ. પૂજ્ય શ્રીઓએ ચૈત્યપરિપાટીનો મહત્વ સમજાવેલ. થાળ જ્યોતિબેન અનીલભાઇ શાહ પરિવાર દ્વારા ચડાવવામાં આવેલ.તલવાણા સંઘ દ્વારા શ્રી મહેન્દ્રભાઇ પદમશીં લોડાયાનું બહુમાન કરવામાં આવેલ. માનવજ્યોતના પ્રબોધ મુનવરનું વિશિષ્ટ સન્માન કરવામાં આવેલ. સવારે નવકારશી તલવાણા સંઘ દ્વારા યોજાઇ હતી.

રાયણ મધ્યે પૂ.સા.શ્રી તીર્થગુણાશ્રીજી મ.સા. આદિ શ્રમણીવૃંદને વંદન કરવામાં આવેલ. પૂજ્યશ્રીએ પાંચ કર્તવ્યોની સમજપૂરી પાડેલ. પ્રભુજીને થાળ ડિમ્પલબેન અભય ધરમશી પરિવાર દ્વારા ચડાવવામાં આવેલ. રાયણ સંઘ દ્વારા શ્રી અનીલ વીરચંદ શાહનું બહુમાન કરવામાં આવેલ.

# શ્રી કચ્છી દશા ઓશવાળ જૈન જ્ઞાતિ મહાજનશ્રી ભુજ દ્વારા બે દિવસીય ચૈત્યપરિપાટી બસ દ્વારા યોજાઈ







કોઠારામાં રાત્રી ભાવના



ચૈત્યપરિપાટીનો આનંદ



તલવાણા ગામે થાળ



તલવાણા ગામે વિશિષ્ટ સન્માન



તલવાણા મધ્યે સમુહતસ્વીર



તલવાણામાં શ્રી સંઘનું બહુમાન



પૂ. ઉપાધ્યાય શ્રી પુર્ણભદ્રસાગરજી મ.સા.

માંડવી મધ્યે પ.પૂ.સા. શ્રી મહોદયશ્રીજી મ.સા. આદિ શ્રમણીવૃંદને વંદન કરવામાં આવેલ. પ.પૂ.સા. શ્રી સંસ્કારનીધિશ્રીજી મ.સા. એ માંગલિક શ્રવણ કરાવેલ. થાળનો લાભ અમીતાબેન તુષાર જૈન પરિવારે લીધેલ. માંડવી અચલગચ્છ સંઘ દ્વારા શ્રી ઝવેરચંદભાઇ ખીમજી ખોનાનું બહુમાન કરવામાં આવેલ.

શિવમસ્તુ સાધના કેન્દ્ર મધ્યે પૂ. ઉપાધ્યાયજી શ્રી પુર્ણભદ્રસાગરજી મ.સા.ને વંદન કરવામાં આવેલ. પૂજ્યશ્રીએ વર્ધમાનનગર જૈન સંઘની અંતરની ભાવનાઓને બિરદાવી હતી. પ્રભુજીને થાળ લતાબેન રમેશભાઇ ખોના પરિવાર દ્વારા ચડાવવામાં આવેલ.

બાડા મધ્યે પૂ.સા. શ્રી પાવનગુણાશ્રીજી મ.સા.ને વંદન કરવામાં આવેલ. વર્ધમાનનગરમાં ચાતુર્માસ કરી ગયેલા પૂજ્યશ્રીએ વર્ધમાનનગરની એકતાને બિરદાવી હતી. પ્રભુજીને થાળ રસિકાબેન ઝવેરચંદભાઇ ખીમજી ખોના પરિવાર દ્વારા ચડાવવામાં આવેલ. બપોરનું ભોજન બાડા જૈન સંઘ દ્વારા યોજવામાં આવેલ. બાડા મહાજનશ્રીનાં પદાધિકારીઓ તથા મેનેજર શ્રી મુરજીભાઇ એલ. છેડાએ સહકાર આપેલ. લીલાવંતીબેન વિશનજી મુનવરનું બાડા જૈન સંઘ દ્વારા બહુમાન કરવામાં આવેલ.

# શ્રી કચ્છી દશા ઓશવાળ જૈન જ્ઞાતિ મહાજનશ્રી ભુજ દ્વારા બે દિવસીય ચૈત્યપરિપાટી બસ દ્વારા યોજાઈ


પુ. મુનિરાજશ્રી હિતવર્ધન સાગરજી મ.સા.


પુ. સા. શ્રી કાવ્યગુણાશ્રીજી મ.સા.


પુ.સા.શ્રી જયધર્માશ્રીજી મ.સા.


મંજલ રેલડીયા ગામે વ્યાખ્યાન


બાડામાં શ્રી સંઘનું બહુમાન


બાળ તબલચી કનિષ્ક દીપેશ શાહ


મંજલ રેલડીયા ગામ


બાડા ગામે થાળ


માંડવી મધ્યે થાળ

વરાડીયા મધ્યે પ.પૂ. મુનિરાજશ્રી હિતવર્ધનસાગરજી મ.સા.ને વંદન કરવામાં આવેલ. પ્રભુજીને થાળ વિમળાબેન મણશીં ડાઘા પરિવાર હસ્તે દીકરીઓ દ્વારા ચડાવવામાં આવેલ. વરાડીયા સંઘ દ્વારા તુષારભાઇ મણીલાલ જૈનનું બહુમાન કરવામાં આવેલ. પ્રબોધ મુનવર તથા હીરાચંદ છેડાનું વિશિષ્ટ સન્માન કરવામાં આવેલ.પદમભાઇ લોડાયા તથા સર્વે પદાધિકારીઓએ વ્યવસ્થામાં સહકાર આપેલ.

સુથરી મહાતીર્થે પ.પૂ. પ્રવર્તક શ્રી મલયસાગરજી મ.સા., પૂ. મુનિરાજશ્રી રત્નાકરસાગરજી મ.સા.ને વંદન કરવામાં આવેલ. પૂજ્યશ્રીઓએ માંગલિક શ્રવણ કરાવતાં શ્રેષ્ઠીવર્યોશ્રીનો ઇતિહાસ વર્ણવ્યો હતો. સુથરીનાં શેઠીયાઓની યાદ તાજી કરાવી હતી. પ્રભુજીને થાળ ચડાવવાનો લાભ લીલાવંતીબેન હીરાચંદ છેડા પરિવારે લીધેલ. સુથરી જૈન સંઘ દ્વારા હીરાચંદભાઇ લક્ષ્મીચંદ છેડાનું બહુમાન કરવામાં આવેલ. તેમજ સંધ્યા ભોજનની વ્યવસ્થા સુથરી મહાજનશ્રી દ્વારા કરવામાં આવેલ. જીજ્ઞેશ છેડા, કાન્તાબેન પાલાણી તથા પદાધિકારીઓએ વ્યવસ્થામાં સહકાર આપેલ.

# શ્રી કચ્છી દશા ઓશવાળ જૈન જ્ઞાતિ મહાજનશ્રી ભુજ દ્વારા બે દિવસીય ચૈત્યપરિપાટી બસ દ્વારા યોજાઈ



માંડવીમાં શ્રી સંઘનું બહુમાન



રાત્રિભાવનાઓમાં કાલાકારો સાથે



વરાડીયામાં શ્રી સંઘનું બહુમાન



રાપરગઢવાળી ગામે થાળ



રાયણમાં શ્રી સંઘનું બહુમાન



વરાડીયા ગામે થાળ



રાપરગઢવારીમાં વિશિષ્ટ સન્માન

કોઠારા તીર્થે સંઘે રાત્રિ રોકાણ કરેલ. રાત્રી ભાવનામાં ઇરફાન મીર અને રૂક્ષારમીર એન્ડ પાર્ટીએ જૈન સ્તવનોની ભારે રમઝટ જમાવેલ. કોઠારા સમાજવાસીઓ તથા ભુજ સંઘના ભાઇ-બહેનો રાસ રમ્યા હતા. બાળ તબલચી કનિષ્ક દીપેશ શાહે સંગીતકારો સાથે સ્ટેજ ઉપરથી તબલા વગાડી સૌને  ખુશ કર્યા હતા.

કોઠારા તીર્થ સવારે વાજતે ગાજતે પ્રભુજીને થાળ જયાબેન પ્રબોધ મુનવર પરિવાર તરફથી ચડાવવામાં આવેલ. કોઠારા તીર્થે સવારે સૌએ પ્રભુજીની ભાવથી પૂજા કરી હતી. ત્યાર બાદ સૌએ સ્નાત્રપૂજા વિધિ વિધાન સાથે ભણાવી હતી. ધનપતિ લોડાયા, પ્રદિપ મુનવર, દિનેશ મોતા, ગુલાબ મોતા, રમણિક શાહનંદ, ભવ્ય શાહનંદ, પનુભા ધલ, ગિરીશ મોમાયા, હિરેન નાગડા, સચિન મુનવર, હીરાલાલભાઇ જીવાણી, તોરલબેન શાહનંદ, રમીલાબેન લોડાયા, મનીષાબેન ડાઘા, કિંજલ નાગડા, પૂજા લોડાયા તથા સર્વે કાર્યકરોએ સહકાર આપેલ.

# શ્રી કચ્છી દશા ઓશવાળ જૈન જ્ઞાતિ મહાજનશ્રી ભુજ દ્વારા બે દિવસીય ચૈત્યપરિપાટી બસ દ્વારા યોજાઇ



શિવમસ્તુ મધ્યે થાળ



શ્રી ક.દ.ઓ. જૈન મહાજન ભુજ



સમુહ તસ્વીર



સાંધવ ગામે થાળ

ત્યાર બાદ સૌ વાજતે ગાજતે પૂજ્ય સાધ્વી શ્રી જયધર્માશ્રીજી મ.સા. ને વંદન કરવા ઉપાશ્રયે પહોંચ્યા હતા. જ્યાં ચૈત્યવંદન બાદ પૂજ્યશ્રીએ માંગલિક શ્રવણ કરાવતાં કોઠારા જિનાલય, કોઠારાનાં શ્રેષ્ઠી વર્યોનો ઇતિહાસ વર્ણવ્યો હતો.

કર્મ-કનિષ્કનાં જન્મદિન નિમિત્તે કોઠારા મધ્યે સવારની નવકારશી તથા બપોરનું સ્વામિવાત્સલ્ય માતુશ્રી કસ્તુરબાઇ હીરાચંદ મુનવર પરિવાર દ્વારા યોજાયું હતું. કોઠારા મધ્યે બપોરે મહાકાળી માતાજીની ભાવનાં જયાબેન પ્રબોધ મુનવર પરિવાર દ્વારા યોજાઇ હતી. ભાવનામાં પ્રબોધ મુનવર, જયાબેન મુનવર, હીરાચંદ છેડા, લલીત ડાઘા, માલતી ડાઘા, અમીતા જૈન, હર્ષા શાહ તથા કોઠારા મહિલા મંડળના બહેનોએ રમઝટ જમાવી હતી. કોઠારા જૈન સંઘ દ્વારા પ્રબોધ મુનવર તથા જયાબેન મુનવરનું બહુમાન કરવામાં આવેલ. ટ્રસ્ટીશ્રી દીનેશભાઇ અજાણીએ સંઘનો લાભ કોઠારા તીર્થને આપવા બદલ આભાર વ્યક્ત કર્યો હતો.

સુંદર વ્યવસ્થાઓ કરી આપવા બદલ ભુજ મહાજનશ્રી દ્વારા શ્રી કોઠારા જૈન મહાજનશ્રીનો ખાસ આભાર માનવામાં આવેલ.

નૂતન પંચતીર્થીનાં રાપરગઢવારી ગામે સંઘનું વાજતે-ગાજતે સ્વાગત કરવામાં આવેલ. પ્રભુજીને થાળ સંગીતાબેન પંકજભાઇ હીરજી નાગડા પરિવાર દ્વારા ચડાવવામાં આવેલ. જિનાલયનાં દર્શન કરી સૌ ધન્ય બન્યા હતા. રાપરગઢવારી સંઘ દ્વારા પંકજભાઇ નાગડા તથા પ્રબોધ મુનવરનું બહુમાન કરવામાં આવેલ. ત્યાર બાદ માતુશ્રી તારાબેન માણેકજી મોતા પરિવારનાં ઘરે સંઘે પાવન પગલા કરેલ. હિતેશભાઇ મોતાનાં બંગલે સમુહ ક્ષમાપના કરવામાં આવેલ. સૌએ મીઠી લચ્છીનો સ્વાદ માણ્યો. હિતેશભાઇ મોતા પરિવાર દ્વારા સંઘ પૂજન કરવામાં આવેલ. ત્યાર બાદ પંકજભાઇ હીરજી નાગડાનાં ઘરે તથા કાંતિલાલભાઇ મોતાનાં ઘરે પણ શ્રી સંઘે પાવન પગલા કર્યા હતા. તેમનાં દ્વારા પણ સંઘ પૂજન કરવામાં આવેલ.

# શ્રી કચ્છી દશા ઓશવાળ જૈન જ્ઞાતિ મહાજનશ્રી ભુજ દ્વારા બે દિવસીય ચૈત્યપરિપાટી બસ દ્વારા યોજાઈ



સુથરીમાં શ્રી સંઘનું બહુમાન



સાંધવમાં શ્રી સંઘનું બહુમાન



સુથરી મહાતીર્થે થાળ



મંજલરેલડીયા ગામે થાળ



રાયણ ગામે થાળ-૧

સંઘ સાંધવ પહોંચતા શ્રી સાંધવ જૈન મહાજનશ્રી દ્વારા ભાવભર્યું સ્વાગત કરવામાં આવેલ. પ્રભુજીને થાળ જયવંતીબેન નેણશીંભાઇ ખોના પરિવાર દ્વારા ચડાવવામાં આવેલ. પૂ.સા.શ્રી નંદીવર્ધનાંશ્રીજી મ.સા. આદિ શ્રમણીવૃંદને વંદન કરવામાં આવેલ. પૂજ્યશ્રીએ શ્રાવકનાં પાંચ કર્તવ્યોની સમજપૂરી પાડી હતી. સાંધવ જૈન મહાજનશ્રી દ્વારા જયવંતીબેન ખોનાનું બહુમાન કરવામાં આવેલ. ચા-અલ્પાહારની વ્યવસ્થા સાંધવ મહાજન દ્વારા કરાઇ હતી.

મંજલ રેલડીયા પહોંચતાં જ સંઘનું ઉમળકાભેર શાનદાર સ્વાગત કરવામાં આવેલ. સંધ્યા ભોજનની વ્યવસ્થા શ્રી મંજલ સંઘ દ્વારા કરવામાં આવેલ. પ્રભુજીને થાળ પ્રફુલ્લભાઇ નાગડા તરફથી ચડાવવામાં આવેલ. મંજલ મહાજનશ્રી દ્વારા શ્રી પ્રફુલ્લભાઇ નાગડાનું બહુમાન કરવામાં આવેલ. પૂ.સા. શ્રી કાવ્યગુણાશ્રી મ.સા.એ પોતાની ઉચ્ચ શૈલીમાં વક્તવ્ય આપતાં વર્ષો પછી મંજલ ગામને મળેલા ચાતુર્માસ અને ચાતુર્માસના મુખ્ય દાતા પરિવારની અનુમોદના કરેલ. ને વર્ધમાનનગર અને ભુજથી મંજલ સુધી પધારેલ શ્રી સંઘની અનુમોદના કરી હતી. સોમચંદભાઇ ધરમશી, બિપિન ગાલા, મંગલભાઇ લાલકા તથા સર્વે પદાધિકારીઓની ભુજ મહાજનશ્રી દ્વારા અનુમોદના કરવામાં આવેલ.

મંજલ મધ્યે શ્રી ક.દ.ઓ. મહાજનશ્રી દ્વારા યોજાયેલ કાર્યક્રમમાં ચૈત્યપરિપાટીમાં અનુદાન આપનાર સાથ-સહકાર આપનાર દરેકનું બહુમાન કરી અનુમોદના કરવામાં આવેલ. કાર્યકમનું સંચાલન હીરાચંદભાઇ છેડાએ જયારે આભાર દર્શન મહેન્દ્ર લોડાયા તથા તુષાર જૈને કરેલ.

વ્યવસ્થામાં પ્રબોધ મુનવર, હીરાચંદ છેડા, મહેન્દ્ર લોડાયા, તુષાર જૈન,અનીલ શાહ, દિપેશ શાહ, પંકજ નાગડા, મુલચંદ મુનવર, લલીત ડાઘા, પ્રફુલ્લ નાગડા, ફેનીલ લોડાયા, કલ્યાણજીભાઇ ડાઘા, ઝવેરચંદ ખોના, પારસ ડાઘા, અભય ધરમશી, રમેશભાઇ ખોના, જયાબેન મુનવર,જયુબેન શાહ, હેતલ મોમાયા, લીલાવંતી છેડા, રીટા મોતા, સંગીતા નાગડા, રેવન્તી મુનવર, હર્ષા શાહ, માલતી ડાઘા,વિશાખા શાહ, ડીમ્પલ ધરમશી, લીલાવંતી મુનવર, કલ્પાબેન હેફા, જયાબેન ખોના, મનીષા હેફા, રસીકાબેન ખોના, જેવંતીબેન ખોના, કાન્તાબેન મુનવર, જીજ્ઞા ધરમશી, લતાબેન ખોના, રાખી ખોના, રોહિણી ડાઘાએ સહકાર આપ્યો હતો. ૫૧ ભાઇ-બહેનો આ ચૈત્યપરિપાટીના બે દિવસીય કાર્યક્રમોમાં જોડાઇ ખુશી વ્યક્ત કરી હતી.

# બિદડા સ્વાસ્થ્ય કેમ્પ Season ૧૨ : સતત બારમી વાર સભ્યોની તંદુરસ્તી માટે શ્રી કચ્છી દશા ઓસવાલ સર્વોદય મંડળ-મુલુંડનું આયોજન





શ્રી ક.દ.ઓ. જૈન સર્વોદય મંડળ-મુલુંડના નેજા હેઠળ કચ્છ સ્થિત શ્રી બિદડા સર્વોદય ટ્રસ્ટ દ્વારા સંચાલિત રતનવીર કુદરતી ઉપચાર કેન્દ્ર માં સ્વાસ્થ્ય કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. ૨૭ જણાંનું ગ્રુપ શનિવાર તા-૨૧ સપ્ટેમ્બરના કચ્છ એક્સપ્રેસ ટ્રેન દ્વારા રવાના થઈ તારીખ ૨૨ સપ્ટેમ્બરના ગાંધીધામ પહોંચ્યું હતું. ત્યાંથી બસ દ્વારા ભદ્રેસર જિનાલયના દર્શન કરી કચ્છના બિદડા ગામે આરોગ્ય કેન્દ્રમાં પહોંચ્યા હતા. કેન્દ્રમાં નોંધણીની પ્રક્રીયા પતાવી સભ્યોએ માંડવી સ્થિત શિવમસ્તુ સમવસરણ જૈન તીર્થ તથા ૭૨ જિનાલય, રાવલપીરનું સ્થાન તેમ જ શેરેના બીચ રીસોર્ટની મુલાકાત લીધી હતી.

તા.૨૨ સપ્ટેમ્બરથી ૨૯ સપ્ટેમ્બર સુધી મંડળના સભ્યો એ બિદડા આરોગ્ય કેન્દ્રમાં રહી ત્યાંની આરોગ્ય સેવાઓ અને સાત્વિક ભોજનનો આનંદ માણ્યો હતો. આઠ દિવસીય કેમ્પમાં ૨૭ સભ્યો જોડાયા હતા.જેઓને કુદરતના સાનિધ્યમાં તંદુરસ્તીની જાળવણી અને જતન કરવા માટેના કુદરતી ઉપચારોનો લાભ મળ્યો હતો. જેમાં યોગ, એક્યુપ્રેશર, મસાજ, મડબાથ, મડપેક, ગરમ ઠંડા પાણીનાં સેક જેવી અનેક સુવિધાઓ, સભ્યોને કેન્દ્રમાં ઉપલબ્ધ કરાવવામાં આવી હતી.

રવિવાર ૨૯મી સપ્ટેમ્બર સવારના બિદડા કેમ્પની પૂર્ણાહૂતિ નો કાર્યક્રમ આયોજન કરવામાં આવ્યો હતો. જે કાર્યક્રમ માટે સર્વોદય મંડળના પદાધિકારીઓ ખાસ મુંબઈથી પધારીને હાજર રહ્યા હતા. મંડળ તરફથી બિદડા સર્વોદય ટ્રસ્ટને મોમેન્ટો તથા પ્રશસ્તિ પત્ર અર્પણ કરવામાં આવેલ તથા કેમ્પમાં ભાગ લેનાર દરેક સભ્યોને મેડલ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. ત્યારબાદ બપોરના પ્રાગપર ગામે અહિંસાધામ પશુ રક્ષા કેન્દ્રની મુલાકાત લીધી હતી.



બપોરના ભોજન બાદ, ભુજ તરફ પ્રથમ LLDC સંસ્થાની મુલાકાત લીધી હતી.

લગભગ ૧૦૦ કરતાં પણ વાધારે પરંપરાગત ભરતકામના વર્ષો જૂના કલેક્શનને LLDC ની દુનિયામાં બહુ ઓછી હોય તેવી આધુનિક આર્કાઈવમાં કન્ઝર્વેશનના નોર્મ્સ મુજબ વિશેષ રીતે સાચવવા મૂકી દેવાયા છે, જે સમય સમયે LLDC ક્રાફ્ટ મ્યુઝિયમની વિવિધ ગેલેરીઓમાં પ્રદર્શિત કરવામાં આવે છે. આ અલભ્ય સંગ્રહ જોઈ, ગ્રુપ ના સભ્યો અભિભૂત થયા હતા અને તેમની ખુશી અને સંતોષ લાગણીભેર વ્યક્ત કર્યો હતો અને જણાવ્યું હતું કે કચ્છની આ અદ્‌ભૂત ભરતકળા કારીગરીના સંગ્રહ માટે LLDC થી વધુ કોઈ સારી જગ્યા હોઈ જ ન શકે.

ત્યારબાદ સભ્યોએ બસ દ્વારા ગાંધીધામ તરફ પ્રયાણ કર્યું. સર્વોદય મંડળ દ્વારા ગાંધીધામ સ્થિત ડો હર્ષ મેપાણી ની આંખની હોસ્પિટલ વાઈબ્રન્ટ આઈ કેરમાં નેત્ર ચિકિત્સાનું આયોજન કરવામાં આવ્યું હતું. દરેક સભ્યોની આંખની તપાસ તથા જરૂરી સારવાર આપવામાં આવી. આંખ તપાસતી વખતે જરૂર જણાતા ડો. હર્ષ મેપાણી દ્વારા સભ્યોના આંખની તાત્કાલિક ઉપચાર પણ કરવામાં આવેલ. ત્યારબાદ સાંજના ભોજનને ન્યાય આપી સભ્યોએ ગાંધીધામથી ટ્રેન દ્વારા મુંબઈ તરફ જવા પ્રયાણ આદર્યું. કેમ્પની ખાટી-મીઠી યાદો વાગોળતા દરેક સભ્યો સોમવારના તારીખ ૩૦ સપ્ટેમ્બરના પોતપોતાના ઘરે પહોંચ્યા.

શ્રી ક.દ.ઓ જૈન સર્વોદય મંડળે આવો ૧૨મો સ્વાસ્થ્ય કેમ્પ યોજી સભ્યોને નવું અને સ્વાસ્થ્યવર્ધક નજરાણું આપ્યું હતું.

# શ્રી ચાલીસગામ સંઘ મધે આસો માસની નવપદજીની આયંબિલ ઓળી

શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન શ્વેતાંબર દેરાસર ટ્રસ્ટ ચાલીસગામ મધે વિક્રમ સંવત ૨૦૮૦ની આસો માસની શાશ્વતી નવપદજીની આયંબિલ ઓળીનો પ્રારંભ આસો સુદ ૭ બુધવાર તા.૯ ઓક્ટોબરના શાસન પ્રભાવિકા પ.પૂ.સાધ્વીશ્રી જયલક્ષ્મીશ્રીજી મ.સા.ના સુશિષ્યા ખાનદેશ રત્નાશ્રી ચાલીસગામ તીર્થો દ્વારિકા પ.પૂ.સાધ્વીશ્રી જયદર્શિતાશ્રીજી મ.સા તથા પ.પૂ.સાધ્વીશ્રી હિમાંશુશ્રીજી મ.સા. ઠાણા ૨ની પુનિતકારી નિશ્રામાં થશે.

જે કોઈ ભાગ્યશાળી પરિવાર આયંબિલ ઓળી તથા તપસ્વીઓના પારણાનો લાભ લેવો હોય તે પેઢી પર જણાવે. સંપૂર્ણ આયંબિલ ઓળી તથા તપસ્વીઓના પારણાનો નકરો રૂા.૨૧ હજાર. જેમણે પણ આયંબિલ ઓળી તથા છુટક આયંબિલ ઓળી કરવાની ભાવના હોય તે પેઢી પર જણાવે નોંધ કરાવે. સંપર્ક મેતાજી-૭૭૫૭૦૦૮૦૮૨

# તિરૂપુર સંઘમાં વડીલો બીમારો ના ઘરે ભગવાન દર્શન કરાવવાનું આયોજન કરાયું





રવિવાર, તા.૨૯ સપ્ટેમ્બરના દક્ષિણ ભારત પ્રાંતના તિરૂપુર નગરના શ્રી સુવિધિનાથ સંઘ દ્વારા જે વડીલો અને બીમાર વ્યક્તિઓ ઘરમાં જ અટકેલા છે તેમના ઘરે ભગવાન દર્શન કરાવવા માટેનું કાર્ય આયોજન કરાયું. પાંચ જેટલા પરિવારોના ઘરે જઈ ભગવાન લઈ તેઓ પૂજા, ચૈત્યવંદન અને આરતીનો લાભ લીધો. આ કાર્ય સવારના ૮ વાગ્યાથી બપોરે ૧૨.૩૦ સુધી થયું. આ ઉમદા કાર્ય માટે પ્રતાપ નાગડા, રાહુલ, નિમિત નાગડાની ટીમ પ્રત્યેક ઘરે જઈને દર્શન કરાવેલ. બધા વડીલો આ લાભ લઈ રાજી થયેલ. બધાને ઘરે પક્ષાલ/અભિષેકના ચાંદલા કરેલ હતા.

# વરાડીયામાં અઠ્ઠમ તપ આરાધના

અચલગચ્છાધિપતિ આચાર્ય ભગવંત શ્રી ગુણસાગર સુરીશ્વરજી મ સા ની ૩૬ મી પુણ્યતિથિ એ વરાડીયા તીર્થ મા ચાતુર્માસ અર્થે બિરાજમાન પ પુ મુનિરાજ શ્રી હિતવર્ધન સાગરજી ની પ્રેરણાથી તથા નિશ્રા મા ૯ ભાવિકો એ ભાદરવા વદ અમાસ થી આસો સુદ બીજ, તા. ૩ થી ૫ ઓકટોબર ૨૦૨૪ ના અઠ્ઠમ તપ ની આરાધના કરેલ છે. સૌ. સુખશાતા માં છે. પૂ. મુનિરાજ શ્રી હિતવર્ધન સાગરજી મ. સા. ની પણ અઠ્ઠમ હતી.

દીપક ગંગાજર ડાઘા ( ટ્રસ્ટી), પદમ લાલજી લોડાયા (ટ્રસ્ટી), રમેશ ધનજી દંડ, મા. કલાવંતી બેન દામજી મોમાયા, મા. સરલાબાઇ ઠાકરશી ડાઘા, સૌ. ચિત્રાબેન પદમ લોડાયા, સૌ. જ્યોતિબેન મુરજી મોતા, સૌ. મિનાક્ષી કિરીટ ડાઘા, સૌ. સુનિતા ખીરેશ ડાઘા.

# શ્રી ક.દ.ઓ.જૈન મહારાષ્ટ્ર એકમ લખપતિ સાધર્મિક પરિવાર યોજનાના લાખેણા દાતા પરિવાર

## શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન મહારાષ્ટ્ર એકમ

### લખપતિ સાધર્મિક પરિવાર યોજના અંતર્ગત

## લાખેણા દાતા પરિવાર

**₹ 1,00,000/-**

KDO



**સૌ. ધન્વંતિબેન શાંતિલાલ લોડાયા, (નલિયા) અમલનેર**

**હસ્તે - સૌ. સીમાબેન હરીશ લોડાયા, (નલિયા) અમલનેર**

## અનુમોદના... અનુમોદના... અનુમોદના...

શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન મહારાષ્ટ્ર એકમ દ્વારા સંચાલિત લખપતિ સાધર્મિક પરિવાર યોજના અંતર્ગત નલિયા અમલનેરના સૌ. ધનવંતીબેન શાંતિલાલ લોડાયા હસ્તે સૌ.સીમાબેન હરીશ લોડાયા નલિયા અમલનેર એ રૂા.૧ લાખનું અનુદાન આપી લાખેણા દાતા પરિવાર તરીકે જોડાયા છે. શ્રી ક.દ.ઓ.જૈન મહારાષ્ટ્ર એકમ આ ઉદારદિલ દાતા પરિવારની અનુમોદના કરે છે.

॥ શ્રી ભીડભંજન પાર્શ્વનાથાય નમઃ ॥

# શ્રી રંગપુર કચ્છી દશા ઓશવાલ જૈન
# શ્રી ભીડભંજન પાર્શ્વનાથ દેરાસર અને ઉપાશ્રય ટ્રસ્ટ

મુ. પો. રંગપુર, જી. જામનગર, સૌરાષ્ટ્ર. પીન - ૩૬૧ ૨૮૦.

## પર્વાધિરાજ પર્યુષણની ઉજવણીનો અહેવાલ

શ્રી ભીડભંજન પાર્શ્વનાથ દાદાના દરબારે, રંગપુર જી. જામનગર નગરે પર્વાધિરાજ પર્યુષણ પર્વ તા. ૩૧-૦૮-૨૪ થી તા. ૦૮-૦૯-૨૪ દરમ્યાન ખૂબજ ઉલ્લાસપૂર્વક અને ધામધૂમથી ઉજવવામાં આવેલ.

શ્રી આર્યરક્ષિત જૈન તત્વજ્ઞાન વિદ્યાપીઠની આરાધક બહેનો શ્રીમતી પુષ્પાબેન દેવજીભાઈ દેઢિયા અને શ્રીમતી દમયંતીબેન મહેન્દ્રભાઈ શાહ (રંગપુર) આરાધના કરાવવા પધાર્યા હતાં.

પવિત્ર ગ્રંથ કલ્પસૂત્ર (પોથી) પધરાવવાનો મહામૂલો લાભ શ્રીમતી રેખાબેન રમેશભાઈ ગાંગજી ધરમશી (રંગપુર-ડૉંબીવલી) પરિવારે લીધો હતો. તેમજ પારણું પધરાવવાનો મહામૂલો લાભ અ.સૌ. બિજલ સિધ્ધાર્થ લોડાયા (USA) વતી શ્રીમતી મનીષા નરેન્દ્ર લોડાયા (ગોરખડી-મલેશીયા)એ લાભ લીધેલ.

ભાદરવા સુદ ૨ને બુધવાર, તા. ૪-૯-૨૪ના મહાવીર જન્મ કલ્યાણકના ભાગરૂપે સપનાની બોલીઓ, ઉલ્લાસથી બોલવામાં આવી અને કુલ ઘૃત ૧,૭૩,૯૭૭ મણ થયેલ. આ કાર્યક્રમ યુ-ટ્યુબમાં લાઈવ મે. અરિહંત ફોટો અને વીડીયોની ચેનલ દ્વારા શ્રી મેહુલ ચંપક ધરમશી દ્વારા પ્રસારીત કરવામાં આવેલ.

દરરોજ ભક્તામર સ્તોત્ર, થાળ, આરતી, મંગળ દીવો, પક્ષાલ, કેશરપૂજા, ફુલપૂજા, રાત્રી ભાવના વગેરે ભરચક કાર્ય થયા.

મહાવીર સપનાના દિવસે વિ. સં. ૨૦૨૫ ની ૩૬મી ધ્વજાની ઉછામણી ઉછળતા ભાવથી ચિ. મીશય પલક દર્શન હરીયા (મોડપુર-મુલુંડ) પરિવાર હ. મામા શ્રી પ્રિયમ પંકજ કેશવજી ધરમશી (રંગપુર-મુલુંડ)ને આપવામાં આવેલ.

શ્રી ભીડભંજન દાદાની અસીમકૃપાથી તા. ૦૮-૦૯-૨૪, રવિવારના દ્વારઉદ્‌ઘાટનનો લાભ માતુશ્રી રંજનબેન માણેકજી નાગડા હ. અ.સૌ. ભારતી કાંતીલાલ નાગડા અને અ.સૌ. જ્યોત્સના અરવિંદ નાગડા (રંગપુર-ડૉંબીવલી) પરિવારે લીધો હતો.

આ વર્ષે સર્વ સાધારણ ફંડ યોજના જેમાં ચુલા દીઠ ઓછામાં ઓછા રોજના રૂા. ૧૦/-ના હિસાબે વર્ષના રૂા. ૩,૬૦૦/- ના નકરાથી ફાળો આપવા રંગપુર ગામવાસીઓને સહૃદય વિનંતી કરવામાં આવેલ અને પ્રતિસાદ મળવાની શરૂઆત થઈ ગઈ છે. આ સાધારણ ફંડ સાત ક્ષેત્રમાં વપરાય અને પુણ્યબંધ થાય છે.

રંગપુર શિખરબંધી જિનાલયનો જીર્ણોધ્ધાર કમ નૂતનીકરણ, નવી અદ્યતન ભોજનશાળા, અને નવા અતિથિગૃહના વધારાના પાંચ બ્લોકનું કામ હાલમાં ચાલી રહ્યું છે. સર્વે સખીદીલ દાતાઓની અભ્યર્થના.

રંગપુર મધ્યે ભોજનશાળા વિનામુલ્ય છેલ્લા ૧૫ વર્ષથી ચલાવવામાં આવે છે અને તેમાં સખીદીલ દાતા પરિવારો હાલારના બધા ગામવાસીઓના સહકારથી સુચારૂ રૂપે કાર્યરત છે. તદુપરાંત જીવદયા, સાધારણ, સાધર્મિક ભક્તિ, શૈક્ષણીક સહાય ફંડ વગેરે યોજનામાં સર્વેનો સહયોગ મળી રહ્યો તે બદલ અભિનંદન અને અનુમોદના.

વિશેષમાં ટ્રસ્ટીના ટ્રસ્ટીઓ શ્રી પંકજ કેશવજી ધરમશી (પ્રમુખ), શ્રી બિપીન પાશ્વીર નાગડા (ઉપ પ્રમુખ), શ્રી જતીન ગુલાબચંદ નાગડા (માનદ્ મંત્રી), શ્રી કિરીટ પુનશી મુનવર (ખજાનચી), શ્રી હેમાંગ અશોક લાલકા, શ્રી વિનોદ શીવજી ધરમશી અને શ્રી લહેરચંદ ચંપકલાલ ધરમશી સ્થાનીક ટ્રસ્ટીઓની હાજરી, કારોબારી સમિતિના સભ્ય શ્રી નિતીન ભાઈચંદ ધરમશી, શ્રી રજનીકાંત રાયચંદ નાગડા, શ્રી રમેશ હંસરાજ નાગડા અને સલાહકાર સમિતિના સભ્યો શ્રી ગુલાબચંદ ત્રીકમજી નાગડા, શ્રી અશોક લાલજી લાલકા અને શ્રી નરેન્દ્ર કુંવરજી ધરમશીના સહકાર તેમજ જહેમતથી કાર્યક્રમ ખૂબજ સારી રીતે પાર પડયો.

આ કાર્યક્રમને સફળ બનાવવામાં અન્ય સ્થાનીક તેમજ મુંબઈ, બહારગામથી પધારેલ ગામવાસીઓનો સાથ-સહકાર વિશેષ રહ્યો. આ સાથે કાર્યક્રમ દાતાઓના સહયોગથી પાર પડયો તેમને અભિનંદન અને અનુમોદના...

લિ. શ્રી રંગપુર કચ્છી દશા ઓશવાલ જૈન
શ્રી ભીડભંજન પાર્શ્વનાથ દેરાસર અને મહાજનવાડી
ટ્રસ્ટના ટ્રસ્ટીઓ, કારોબારી સભ્યો તેમજ સલાહકાર સમિતિના સભ્યો
વતી શ્રી પંકજ કેશવજી ધરમશી (પ્રમુખ/ટ્રસ્ટી)

UPASANA-9820167767

# શ્રી નલિયા સંઘમાં પાંજરાપોળના અબોલ જીવોને માંગલિક શ્રવણ કરાવી મીઠું મોંઢુ કરાવવાનો કાર્યક્રમ સંપન્ન થયો









તા.૫ ઓક્ટોબર શનિવાર રોજે શ્રી નલિયા મહાજનના નેજા હેઠળ અને પ.પૂ.સાધ્વીશ્રી જ્ઞાનગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૩ ની પાવનકારી નિશ્રામાં શ્રી સંઘ સાથે નલિયાની પાંજરાપોળના અબોલ જીવો માટે માંગલિક શ્રવણ અને ગૌ જીવોને મીઠું મોંઢુ કરાવવાનું આયોજન કરાયું હતું. એક ગુરૂ ભક્ત દ્વારા પાંજરાપોળના સ્ટાફનું બહુમાન કરવામાં આવેલ.

તે સાથો સાથ આપણી ઐતિહાસિક ધરોહરોની મુલાકાત અને પ્રમુખશ્રી મુલચંદભાઈ દ્વારા ઈતિહાસની સચોટ માહિતી અને જાણકારી મળી હતી.

---

# પ્રવર્તિની મહતરાના મુખ્ય સાધ્વીશ્રી વસંત પ્રભાશ્રીજી મ.સા. નવકાર મહામંત્રનું સ્મરણ કરતાં કાળધર્મ પામ્યા




શાસન સમ્રાટ અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણસાગરસૂરિશ્વરજી મ.સા.ના સમુદાયના તપચક્રવર્તી અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરિશ્વરજી મ.સા.ના પટ્ધર સાહિત્ય દિવાકર અચલગચ્છાધિપતિ પ.પૂ. આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા.ના આજ્ઞાવર્તીની પ્રવર્તિની મહતરા પ.પૂ સાધ્વી શ્રી ગુલાબશ્રીજી મ.સા., પ.પૂ. સાધ્વીશ્રી માણેકશ્રીજી મ.સા.ના શિષ્યા જિનશાસન રત્ના પ્રવર્તિની મહતરા મુખ્યા સાધ્વી પ.પૂ.શ્રી વસંતપ્રભાશ્રીજી મ.સા. ૮૫ વર્ષની વયે ૭૦ વર્ષનો દીર્ઘ દિક્ષા પર્યાય પાળી મંગળવાર તા.૨૪ સપ્ટેમ્બરના રોજે બપોરે ૧૨.૨૦ કલાકે નવકાર મહામંત્રનું અવિરત સ્મરણ કરતાં કાળધર્મ પામ્યા છે.

# આગામી સમય દરમ્યાન થનારા કેડીઓ જ્ઞાતિના વિવિધ કાર્યક્રમોની યાદી

**શ્રી ક.દ.ઓ. જ્ઞાતિમાં વિવિધ સંસ્થાઓ, મહાજનો, સંઘો દ્વારા ધાર્મિક, સાંસ્કૃતિક, સામાજિક અને શૈક્ષણિક ઉપયોગી પ્રવૃત્તિઓ આગામી જૂન તથા જુલાઈ માસ દરમ્યાન થવાની નિર્ધારીત છે. તેની તારીખ અને ટૂંકમાં વિગત અત્રે આપી છે. જે જ્ઞાતિજનોને ઉપયોગી થશે.**

| | |
|---|---|
| તા. ૧૩ ઓક્ટોબર ૨૦૨૪ | શ્રી ક.દ.ઓ.જૈન સર્વોદય મંડળ તથા મહિલા વિભાગના ૩૬ મા વાર્ષિકોત્સવ અન્વયે સરસ્વતી સન્માન સમારોહ બપોરે ૩ થી ૫ ક. તથા પાન્જી ધરોહર ૩ (ગરબા, ફેશન શો તથા મોનો એક્ટ પ્લે) : સમૃદ્ધિ હોલ, મુલુંડ. |
| તા. ૮ થી ૧૦ નવેમ્બર ૨૦૨૪ | વારાપધરમાં બિરાજમાન લાલકા પરીવારના કુળદેવી શ્રી ચામુંડા માતાજીના ભુવાની વિધિ, ૧૪ મી પહેડી તથા હવન વારાપધર સ્થાને. |
| તા. ૧૦ નવેમ્બર ૨૦૨૪ | પ્રકાશ સમિક્ષા શતાબ્દી નિમિત્તે સન્માન સમારોહ સવારે ૧૦.૦૦ થી બપોરે ૩.૦૦ ક. : શ્રી નારાણજી શામજી મહાજન વાડી, માટુંગા |
| તા. ૧૫ થી ૧૭ નવેમ્બર ૨૦૨૪ | જખૌ તીર્થમાં ત્રિદિવસીય પરમાત્મ ભક્તિમય મહોત્સવ તથા જખૌ વાસીઓનું સ્નેહ મિલન. |
| તા. ૧૫ થી ૧૮ નવેમ્બર ૨૦૨૪ | જખૌમાં મુનવર પરીવારોની કુળદેવી શ્રી અંબેઆઇ માતાજીના મંદિરે તથા નવ નિર્મિત શ્રી ભીખુપીર દાદાના મંદિરે મુનવર પરીવારોના ભુવાજીશ્રીના બાના બદલી તથા માતાજીની પુનઃ પ્રતિષ્ઠા સહ વિવિધ કાર્યક્રમ. |
| તા. ૨૩ નવેમ્બર ૨૦૨૪ | મુમુક્ષુ કુ. હિરલ શૈલેશ નરશી પીર લોડાયા, બાયઠ : દિક્ષા મહોત્સવઃ ભાંડુપમાં |
| તા. ૦૧ ડિસેમ્બર ૨૦૨૪, | પ્રકાશ સમીક્ષા શતાબ્દી ઉજવણી, ષણમુખાનંદ હોલ, માટુંગા, મુંબઈ. |
| તા. ૯ થી ૧૧ ડીસેમ્બર ૨૦૨૪ | મુમુક્ષુ કુ. જિનલ રવિન્દ્ર નરશી લોડાયા, નલિયા-ચોપડાનું દિક્ષા મહોત્સવ, ચાલીસગામ. |
| તા. ૧૦ ડિસેમ્બર ૨૦૨૪ | કોટડી મહાદેવપુરીમાં ધ્રોળ પરીવારના કુળદેવી શ્રી સચ્ચાઇ માતાજી તથા શ્રી વાછરા દાદા સ્થાનકે ધ્વજારોહણ મહોત્સવ |


## જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 154 x 230 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધું પાનું | 154 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

## શ્રી અનંત મિત્ર મંડળ ભાંડુપ દ્વારા સતત ત્રીસમા વર્ષે માતાજીની ભાવના સાથે રાસ ગરબાનું આયોજન





શ્રી અનંત મિત્ર મંડળ ભાંડુપ દ્વારા સતત ૩૦ મા વર્ષે શ્રી મહાકાળી માતાજીની ભાવનાનું રાસ ગરબા સાથે આયોજન કરવામાં આવેલ છે. દરરોજ રાત્રે ૯.૩૦ થી ૧૧.૩૦ કલાક દરમ્યાન માતાજીની ભક્તિ સાથે ભાવિકજનો રાસ ગરબાનો આનંદ હરખ સાથે માણી ધર્મભાવમાં તરબોળ થાય છે.

## શ્રી છ.ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન, રાયપુર દ્વારા શ્રી પર્યુષણ પર્વ ૨૦૨૪ના સંપૂર્ણ કાર્યક્રમમાં મદદ કરનારનું વિશેષ બહુમાન કરાયું



શ્રી છ.ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન, રાયપુર દ્વારા શ્રી પર્યુષણ પર્વ ૨૦૨૪ના સંપૂર્ણ કાર્યક્રમમાં અને પાછલા અનેક વર્ષોથી ધાર્મિક કાર્યક્રમ પૂજન, અનુષ્ઠાન આદિ કાર્યક્રમમાં ખડેપગે સંપૂર્ણ કાર્યોમાં મદદ કરનાર શ્રી ભરતભાઈ નારાયણજી મૈશેરી (બાંઢીયા), શ્રી જયેશભાઈ કલ્યાણજી નાગડા (જખૌ), સૌ.પૂજા હિતેશભાઈ મોમાયા (વરાડીયા)નું વિશેષ બહુમાન કરવામાં આવેલ. શ્રી ભાદરવા સુદ-૬ રવિવાર તા.૮-૯-૨૦૨૪ના દિવસે બહુમાન સમ્માન સમારોહમાં એમનું બહુમાન કરવામાં આવેલ. ત્યા હાજર જ્ઞાતિજનોએ એમની ભૂરી ભૂરી પ્રશંસા કરેલ અને કરતલ ધ્વનિની ગૂંજથી સમ્માન કરેલ.

## તિરૂપુર સંઘમાં શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ દેરાસર સુધી ચૈત્ય પરિપાટીનું આયોજન થયું



તા.૨૯ સપ્ટેમ્બર રવિવારના તિરૂપુર સંઘમાં ચાતુર્માસ બિરાજમાન પ.પૂ.સાધ્વી ડૉ.શ્રી હર્ષનિધિશ્રીજી આદિઠાણાની પુનિત નિશ્રામાં શ્રી સુવિધિનાથ દેરાસરથી શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ દેરાસરની ચૈત્ય પરિપાટીનું કાર્યક્રમનું આયોજન કરાયું. સવારના ૭ વાગે શ્રી સુવિધિનાથ દેરાસરથી સકલ સંઘ સાથે વાજતે ગાજતે રવાના થઈ ૭.૪૫ કલાકે શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ દેરાસર પહોંચેલ. ત્યાં અભિષેકની ધર્મ આરાધનાઓ રાખેલ. ત્યાર પછી ચૈત્ય વંદન કરી સકલ સંઘ માટે નવકારશી શ્રી પાર્શ્વ ખુશાલ જૈન સેવા ટ્રસ્ટ તરફથી રાખવામાં આવેલ. ચૈત્ય પરિપાટીનું આયોજન શ્રી સુવિધિનાથ દેરાસરના ટ્રસ્ટીઓ એ કરેલ.

# વડોદરા શ્રી ક.દ.ઓ.જૈન યુવા મંચના પ્રમુખ એડવોકેટ નિતિકા દંડના માર્ગદર્શન હેઠળ જીવદયા કાર્ય કરાયું





શ્રી વડોદરા સંઘમાં પ.પૂ.સાધ્વીશ્રી રાજપ્રજ્ઞાશ્રીજી મ.સા.ની ચીરવિદાય થઈ તેમની પુણ્ય સ્મૃતિ નિમિત્તે શ્રી વડોદરા કચ્છી દશા ઓસવાલ જૈન યુવા મંચ આયોજિત અબોલ પ્રાણીઓને ઘાસચારો નિરવા જૈન યુવા મંચના પ્રમુખ એડવોકેટ મીસ નિતિકા દંડના માર્ગદર્શન હેઠળ તા.૨ ઓક્ટોબર બુધવાર ગાંધીજી જયંતિ દિને સાંજે ચાર કલાકે વડોદરા પાંજરાપોળ આજવા રોડ સ્થળે યુવાઓ એ જીવદયાનું મહાન કાર્ય સફળતાપૂર્વક કર્યું હતું. નાના બાળકો પણ યુવાઓ સાથે જીવદયા કાર્યમાં હોંશ સાથે જોડાયા હતા. સૌ સહયોગીની ઘણી ઘણી અનુમોદના.


|| દંતાણી તીર્થ મંડન શ્રી સીમંધરસ્વામિને નમઃ ||

|| વિધિપક્ષ અચલગચ્છ પ્રવર્તક દાદા ગુરૂશ્રી આર્યરક્ષિતસૂરિ ગુરૂભ્યો નમઃ ||

શ્રી સીમંધરસ્વામિ પ્રશંસિત, મહાત્યાગી-ક્રિયોદ્ધારક, વિધિપક્ષ (અચલગચ્છ)
પ્રવર્તક પ.પૂ.દાદાગુરૂદેવ શ્રી આર્યરક્ષિતસૂરીશ્વરજી મહારાજાની જન્મ દીક્ષા ભૂમિની સ્મૃતિમાં નિર્મિત

**શ્રી આર્યરક્ષિત જૈન શ્વેતાંબર તીર્થ**

**શ્રી સીમંધરસ્વામી વીશ વિહરમાન ૩૨ વિજય મહાવિદેહ તીર્થ**
**આમુલચૂલ ભવ્ય સંગેમરમર ૩૨ જિનાલય સહ**

દાદા ગુરૂ શ્રી આર્યરક્ષિતસૂરિજી મ.ના ગુરૂ મંદિર (દાદા વાડી)નું જીર્ણોધ્ધાર... નવ નિર્માણ

તીર્થ સંસ્થાપક : શાસન સમ્રાટ, અચલગચ્છાધિપતિ પ.પૂ.ગુરૂદેવ આ.ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મહારાજા

તીર્થ પ્રેરક : જીર્ણોધ્ધાર માર્ગદર્શક : પુણ્ય પ્રભાવક સામ્રાજ્ય,
અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મહારાજા

**અંજનશલાકા પ્રતિષ્ઠા મહામહોત્સવનો મુહૂર્ત :**
**વિ.સં. ૨૦૮૧ મહા વદ-૧ ગુરૂવાર. ૧૩/૨/૨૦૨૫**
**આજથી જ નક્કી કરો કે તમારે દંતાણી તીર્થની મુલાકાત લેવી છે.**

ઉત્તમ ભોજનશાળા - એસી/નોન એસી આધુનિક ધર્મશાળાની પરમ સુવિધા

● સંપર્કઃ મેનેજર - ભરતભાઈ દંડ - 9929917712

સૌજન્ય : હેના નિલેશ મોતા (રાપરગઢવારી-કચ્છ)

# નલિયા તીર્થ સંઘમાં શ્રી જવાલા માલિની દેવી મહાપૂજન સંપન્ન થયું






અબડાસા પ્રાંતના મુખ્ય મથક નગર નલિયા તીર્થ સંઘમાં શ્રી ચંદ્રપ્રભ સ્વામીના સાંનિધ્યમાં પ.પૂ.સાધ્વીશ્રી જ્ઞાનગુણાશ્રીજી મ.સા. આદિઠાણા ૩ ની પાવનકારી નિશ્રામાં શ્રી નલિયા કેડીઓ મહાજન દ્વારા શ્રી જવાલામાલિની દેવી મહાપૂજનની ધર્મ આરાધના ભક્તિ ભાવપૂર્વક કરાઈ. સંઘના શ્રાવક શ્રાવિકાઓ પૂજન અર્ચનનો ધર્મલાભ પામી ધન્ય ધન્ય થયાં હતાં.

# ભાવભીની શ્રદ્ધાંજલિ



**હીરાવંતીબેન નાગડા**
તા.૩૦ સપ્ટેમ્બર (ઉ.૮૨)
**નલિયા–વડોદરા**



**નરેન્દ્રભાઈ દંડ**
તા.૩૦ સપ્ટેમ્બર (ઉ.૭૨)
**નલિયા–કાઠમંડુ**




**ગુણવંતીબેન મુનવર**
તા.૩૦ સપ્ટેમ્બર (ઉ.૮૮)
**જખૌ–ચુનાભઠ્ઠી**



**ગુણવંતીબાઈ મોમાયા**
તા.૩ ઓક્ટોબર (ઉ.૯૯)
**સુથરી–મુંબઈ**



**પંકજભાઈ છેડા**
તા.૩ ઓક્ટોબર (ઉ.૬૭)
**નલિયા–કાઠમંડુ**



**રાજભાઈ દંડ**
તા.૨ ઓક્ટોબર (ઉ.૫૨)
**તેરા–અંધેરી**

**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિનામૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**



# વતનજા વાવડ ...



– સં. રાજન ચંદે 'ધૂણી'

● કચ્છના સાંસદ વિનોદભાઈ ચાવડાએ ભારત સરકારના રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવ અને રાજ્ય માર્ગ મંત્રી નીતિન ગડકરીની મુલાકાત લઈ કચ્છ અને મોરબીના રેલવે તથા રસ્તાના વિવિધ પ્રશ્નોની વિગતવાર રજૂઆત કરી હતી. રેલવેના પ્રશ્નોમાં ભુજ અમદાવાદ વચ્ચે વંદે મેટ્રો ટ્રેન, ભુજ રોહિલ્લા ટ્રેનને હરિદ્વાર સુધી લંબાવવા માટે જ્યારે કચ્છના રસ્તા હાઈવે અને રાજમાર્ગને જોડતા ધોરી માર્ગો વિષે તથા ટોલ ટેક્ષનાકા બાબતે રજૂઆત કરી હતી.

● ચાંદીપુરા વાયરસે કચ્છમાં ત્રણ બાળકોનો ભોગ લેવા સાથે આઠેક બાળકોને પોતાની ઝપટમાં લેતા વધતા વાયરસના વ્યાપતાને ધ્યાને લઈ દિલ્હીથી આવેલી ટીમ કચ્છમાં જ્યાં આ સંક્રમણનો પ્રથમ કેસ નોંધાયો તે નખત્રાણા તાલુકા સઘન તપાસ હાથ ધરી હતી. ઘાતક રોગની ગંભીરતાને ધ્યાનમાં લઈ કેન્દ્ર લેવલની આરોગ્ય ટીમે દેવપર (યક્ષ)ની વાડીમાં પહોંચી. કાચા મકાનોના ખાડા-ખાંચાની ઝીણવટ ભરી તપાસ કરી હતી.

● દેશ દુનિયામાં જઈ વસેલા કચ્છીઓએ કૌવત બતાવીને વિવિધ મોરચે કચ્છીયત ઝળકાવી છે. ત્યારે મૂળ આસંબિયાના રૂક્ષ્મણિબેન ગોંવિદજી વધન મૂળનૂખ માધવાણીના પૌત્રી અને કામિની અરૂણભાઈ વધનના પુત્રી ઓપલ વધન અમેરિકાના ઉપરાષ્ટ્રપતિ અને આગામી ચૂંટણી માટેના રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર કમલા હેરિસના પર્સનલ આસિસ્ટન્ટ તરીકે ફરજ બજાવે છે. બરાક ઓબામાની કેબિનેટમાં સ્ટેટ સેક્રેટરી હિલેરી ક્લિન્ટનના પણ ઓપલ વધન પીએ રહી ચૂક્યા છે. આમ વ્હાઈટ હાઉસમાં મહત્વના સ્થાને કચ્છી યુવતી છે જે કચ્છી સમાજનું ગૌરવ છે. દાદા ગોંવિદજી વધન માધવાણી વર્ષો અગાઉ મોટા આસંબિયા ગામમાં ટપાલ વિભાગમાં નોકરી કરતા હતાં. તે પછી સમગ્ર પરિવાર ઘાટકોપર મુંબઈ સ્થળાંતર થયું અને બાદમાં અમેરિકા જઈ વસ્યો.

● માંડવી તાલુકાના હમલા મંજલમાં જન્મેલા અને છેલ્લા ૧૫ વર્ષથી ઢગલા બંધ જાદુના શો કરી ચૂકેલા ૩૦ વર્ષીય વિવેક પુરી ગોસ્વામી ઉર્ફે જાદુગર પ્રિન્સ વિવેક જાદુના વિધિવત શિક્ષણ પર ભાર મૂકે છે. જાદુના કોઈ ડિપ્લોમા ડિગ્રી જેવા કોર્સ આંધ્રપ્રદેશ, તામિલનાડુમાં કોર્સ શરૂ થયા છે. પણ કચ્છ ગુજરાતમાં આ કમાલની કલા યુનિવર્સિટી કોલેજોમાં ભણાવાય તો કલાકારને પધ્ધતિસરનું જ્ઞાન અને ગૌરવ મળે જેથી આ કલા ટકી શકે. અત્યારે સુરતમાં રહેતો આ જાદુગરની અદાણી જૂથ, તાતા કેમિકલ્સ, હિન્દુસ્તાન લીવર, સાંઘી, અંજતા ઓરપેટ, ટી.વી એસ જેવા ઉદ્યોગ સમૂહોના ખમતી ઘર કારોબારીઓએ પ્રતિભાની પ્રશંસા કરી છે. કદાચ દેશનો એવો પહેલો જાદુગર છે જે સ્ટેજ ઉપર દર્શકોની સામે ગણતરીની પળો વચ્ચે કપડા બદલી કાઢે છે. વર્ષ ૨૦૨૨માં થાઈલેન્ડમાં મહેમાન જાદુગર તરીકે પ્રવાસ કર્યો છે. ગિનેસ વર્લ્ડ રેકોર્ડ બુકમાં તેનું નામ દર્જ થયેલ છે.

● જિલ્લામાં ચોમાસું વાવેતરની કામગીરી પૂર્ણ થઈ છે. અત્યાર સુધીમાં ચાર લાખ હેક્ટરમાં ખરીફ પાકનું વાવેતર થઈ ચૂક્યું છે. કેન્દ્ર સરકારના સીધા માર્ગદર્શન હેઠળ રાજ્યની સાથે કચ્છમાં પ્રથમ વખત વાવેતરની ડિજિટલ મોજણી હાથ ધરવામાં આવી છે. જિલ્લા ખેતીવાડી વિભાગ દ્વારા આ માટેની તૈયારીઓને આખરી ઓપ આપી દેવામાં આવ્યો છે. આ વર્ષે ચોમાસુ અને શિયાળુ પાકની ડિજિટલ સર્વે માટેની કામગીરી હાથ ધરવામાં આવશે. કચ્છમાં ૭.૯૦ લાખ હેક્ટર ખેતીલાયક વિસ્તાર છે. જેમાંથી કેટલાક વર્ષોથી સતત વરસતા સારા વરસાદના પગલે સરેરાશ છ લાખ હેક્ટરમાં વિવિધ પાકોની વાવણી કરવામાં આવે છે. આ કામગીરી માટે આખા રાજ્યમાં ૧૦ હજાર જેટલા સર્વેયરો ડિજિટલ મોજણીની કામગીરીમાં જોડાશે.


DON'T
Compromise!
"HEALTH INSURANCE"
Portability Benefits Available
COMPARE, SCRUTINIZE & DECIDE
Karani
: For Details Contact Us :
YASHODHAN KARANI 98211 37737
DEEPAK KARANI 98210 82664
DEEPAK MOMAYA 93233 44737
KALPESH LODAYA 93248 33133
☑ Global Cover
☑ No Room Rent Restrictions
☑ Consumables Benefit Cover
☑ Maternity Cover
☑ Emergency Air Ambulance
☑ OPD Dental Treatment Upto 10000/-
☑ OPD Treatment Upto 5000/-
☑ 60 Days-Pre & 90Days Post Hospitalisation
☑ Road Ambulance 5000 per Hospitalisation
☑ Compassionate Travel Upto 20000
☑ High End Diagnostic upto 25000
☑ Bariatric Surgery Cover
☑ No Claim Bonus 50% every year upto 100%
☑ Long Term Policy Discount 10% for 3 yrs Policy
*T & C APPLY
insurancekhoj.com™
the ultimate stop for insurance™
#404, BPS PLAZA, DEVI DAYAL ROAD, MULUND (W), MUMBAI - 400080.
90049 99900 / 93221 37737 79771 01415 insurancekhoj@gmail.com
LOCATIONS : GUJARAT | MAHARASHTRA | MADHYA PRADESH | KARNATAKA